પત્રક્રમાંક:-મઉમશબ/માધ્યમિક/2021/ ૩૦૫૮
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી,
સચિવાલય પાસે, ગાંધીનગર.
તા.૦૯/૦૪/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક શાળાઓ,
ગુજરાત રાજ્ય.

**વિષય:- ધો.10 ના શાળા કક્ષાના વિષયની પરીક્ષા બાબત.**
**સંદર્ભ:- (1)**- મઉમશબ/સંશોધન/2020/3882-3920 તા:-26/11/2020નો પત્ર.
**(2)** -મઉમશબ/માધ્યમિક/2021/H/88 તા:-તા:-05/02/2021નો પત્ર.

મહાશયશ્રી,

જયભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે મે -2021 માં લેવાનાર ધો.10 (SSC) ની પરીક્ષાઓ તા.10/05/2021 થી તા.20/05/2021 દરમ્યાન યોજનાર છે. દર વર્ષની જેમ (SSC)ધો - 10 પરીક્ષાની **યોજના અંતર્ગત જૂથ - 2 માં સમાવિષ્ટ મરજીયાત વિષયોની સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા શાળા કક્ષાએ લેવાતી હોય છે.** આ પરીક્ષાની તારીખો જે-તે વર્ષના શાળાકીય પ્રવૃતિ કેલેન્ડરમાં દર્શાવવામાં આવતી હતી. આ વર્ષે શાળાકીય પ્રવૃતિ કેલેન્ડર તૈયાર થયેલ ન હોઈ, સંદર્ભિત પત્ર -2 થી **શાળા કક્ષાના વિષયની પરીક્ષાઓ તા:-15/04/2021 થી તા:-17/04/2021ના દિવસોમાં સવારે 11:00 કલાકથી શાળા કક્ષાએ લેવાની અને તેના ગુણ બોર્ડની સૂચના મુજબ ઓનલાઇન દર્શાવવાના રહેશે, તે મુજબ સૂચના આપવામાં આવેલ હતી.**

કોવિડ-19 ની પ્રવર્તમાન પરિસ્થિતિને કારણે ઉપરોક્ત સૂચનાઓમાં સુધારો કરવામાં આવે છે. ધો.10 (એસ.એસ.સી.) શાળા કક્ષાના વિષયોની પરીક્ષા માટે નીચે જણાવેલ સૂચનાઓ પુન:ધ્યાને લઇ **તા.15/04/2021 થી તા.30/04/2021 ના સમય દરમ્યાન યોજવા જણાવવામાં આવે છે.**

- **સૂચનાઓ :-**

1. આઠ મહાનગરપાલિકા વિસ્તારની શાળાઓએ અત્રેથી અન્ય સૂચના ન મળે ત્યાં સુધી આ પરીક્ષાઓ મુલતવી રાખવાની રહેશે.
2. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર, જામનગર, જુનાગઢ અને ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તાર સિવાયના વિસ્તારની શાળાઓ **તા:-15/04/2021થી તા:-30/04/2021** સુધી શાળા કક્ષાના વિષયની પરીક્ષા લઇ શકશે.
3. શાળાઓ જ્યારે ખોલવામાં આવી ત્યારે જે **S.O.P.** નો અમલ કરવાનું જણાવેલ હતું તે **S.O.P.** ની તમામ સૂચનાઓ અને આરોગ્ય વિભાગની માર્ગદર્શિકાના ચુસ્ત અમલ સાથે સ્થાનિક પરિસ્થિતિને ધ્યાને રાખી શાળાઓએ પરીક્ષા લેવાની રહેશે.
4. શાળામાં ભણતાં ધો.10 ના વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને રાખી શાળા અલગ-અલગ તારીખ અને સમય મુજબ વિદ્યાર્થીઓની બેચ બનાવી, તબક્કાવાર પરીક્ષા લઇ શકશે. પરીક્ષાની દરેક (બેચ)તબક્કામાં સૈદ્ધાંતિક પ્રશ્નપત્ર અલગ હોવું જોઇએ.

5. કોવિડ-19 ના સંક્રમણને કારણે અથવા તો કન્ટેન્ટમેંટ ઝોન હોવાને કારણે જે કોઇ નિયમિત/ખાનગી નિયમિત વિદ્યાર્થીઓ શાળા કક્ષાના વિષયની સૈદ્ધાંતિક કે પ્રાયોગિક પરીક્ષાથી વંચિત રહી ગયેલ હોય તો તેવા ઉમેદવારો માટે શાળાએ જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની પૂર્વમંજૂરી મેળવી બોર્ડની (SSC) પરીક્ષા પહેલાં સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પરીક્ષા પૂર્ણ કરવાની રહેશે.

6. Regular અને Private Regular વિદ્યાર્થીઓને શાળા કક્ષાના વિષયની પરીક્ષાની તારીખોમાં જે ફેરફાર કરવામાં આવેલ હોય તેની સંબંધિત તમામ ઉમેદવારોને આપની કક્ષાએથી જાણ કરવાની રહેશે.

7. Regular અને Private Regular વિદ્યાર્થીઓના કિસ્સામાં શાળા કક્ષાના વિષયના મેળવેલ ગુણ અને નિયમિત વિદ્યાર્થીઓએ ૨૦ ગુણમાંથી મેળવેલ આંતરિક ગુણ શાળાકીય પરીક્ષા પૂર્ણ થયેથી શાળા કક્ષાએ રાખવા અને બોર્ડની સૂચના મળ્યેથી ઓનલાઇન વેબસાઇટ ઉપર અપલોડ કરવાના રહેશે. **શાળાએ કોઇપણ પ્રકારના ગુણ બોર્ડ કક્ષાએ ઓફલાઇન કે ટપાલ માધ્યમથી મોકલવાના નથી.**

પરીક્ષા સચિવ
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

- સવિનય નકલ રવાના જાણ સારૂ:-

(1) માનનીય અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.

(2) માનનીય સચિવશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.

(3) માનનીય ખાસ ફરજ પરના અધિકારીશ્રી. ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.

(4) માનનીય સંયુક્ત નિયામકશ્રી. ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર.

(5) મદદનીશ સચિવશ્રી, સંશોધન શાખા. ગુ.મા. અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગર માધ્યમિક શિક્ષણ અને પરિક્ષણમાં પરિપત્રને છપાવવાની કાર્યવાહી કરવા બાબતે.

(6) જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત રાજ્ય, તાબાની માધ્યમિક શાળાઓને જાણ અને અમલ કરાવવા સારૂ.

(7) માધ્યમિક શાખાની ફાઈલે

જા. નં.મા./૨૦૨૧/૫૬૬૫
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા.:૦૭/૦૫/૨૦૨૧

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લા/શહેરની તમામ માધ્યમિક શાળાઓ તરફ.
જાણ તથા અમલ થવા સારૂ....





જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત